# ડીસાના રેલવે સ્ટેશનથી ઢુવા જતાં રોડ ઉપર ગાંડા બાવળનું સામ્રાજ્ય છવાયું



ડીસા, તા. ૪

ડીસા શહેરમાં આવેલ રેલવે સ્ટેશનથી ઢુવા રોડ ઉપર ગાંડા બાવળનું સામ્રાજ્ય છવાયેલું જોવા મળી રહ્યું છે.જેથી અહીંથી પસાર થતાં રાહદારીઓ અને વાહન ચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.આ અંગે જાગૃત નાગરિક દ્વારા ડીસા માર્ગ મકાન વિભાગ તથા જિલ્લા માર્ગ મકાન વિભાગને વારંવાર લેખિત મૌખિક રજૂઆતો કરી હોવા છતાં તંત્ર દ્વારા આ અંગે કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી.જેથી વાહન ચાલકોમાં તંત્ર સામે આક્રોશ ભભુકી ઉઠયો છે ત્યારે છેવટે હારી થાકીને કોઈ આ ગાંડા બાવળના ઝુંડમાં અટવાય અને કોઈ દુર્ઘટનાનો ભોગ બને તે પહેલાં ખેડૂતો દ્વારા જાતે જ થોડા ગાંડા બાવળને દૂર કરવામાં આવતા રાહદારીઓ અને વાહન ચાલકોએ રાહતનો દમ લીધો છે. ઉલ્લેખનીય છે કે આ માર્ગ પર મોટા ઘટાદાર ગાંડા બાવળ ભય જનક સ્થિતિમાં ઉભા છે ત્યારે આ અંગે યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવે તેવી લોકોની લાગણી સાથે માગણી છે.

# પાલનપુર પંથકમાં ઠાકોર સમાજની પ્રથમ મહિલા બીએસએફનું ભવ્ય સ્વાગત



પાલનપુર તા.૪

પાલનપુર તાલુકાના ગઢ ગામની એક યુવતીનું બીએસએફ માં સિલેકશન થયુ હતું જોકે ગઢ અને ગઢ પંથકના ઠાકોર સમાજની પ્રથમ મહિલા બીએસએફ વેસ્ટ બંગાળના ટ્રેનીંગ પૂરી કરી માદરે પરત ફરતા ગ્રામજનો દ્વારા આ મહિલા બીએસએફ નું વાજતે ગાજતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ગઢ ગામની રિયાબેન મુકેશભાઈ ઠાકોર નામની યુવતીનું બીએસએફમાં સિલેકશન થયું હતું જોકે ગઢ તેમજ ઠાકોર સમાજ ની પ્રથમ મહિલા બીએસએફ રિયાબેન ઠકોર ઉત્તર બંગાળના બૈકંથપુર તાલીમ કેન્દ્ર પર સાત માસની કઠિન તાલીમ પૂરી રવિવારે પોતાના માદરે વતન ગઢ ખાતે પરત ફરતા ગ્રામજનો અને ઠાકોર સમાજ દ્વારા ગામની અને ઠાકોર સમાજ ની પ્રથમ મહિલા બીએસએફ રિયા ઠાકોરનું વાજતે ગાજતે તેમજ સલામી આપી ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. અને દેશ સેવાના કામમાં જોડાવવા બદલ અભિનંદન આપ્યા હતા.

**નારાજ વર્તમાન ડિરેક્ટરોનું જૂથ હાઈકોર્ટમાં પહોંચ્યું**

# સાબરકાંઠા મધ્યસ્થ બેંકની ચૂંટણીમાં વર્તમાન ચેરમેન સહિત ૧૦ ડિરેક્ટરોના ફોર્મ અમાન્ય

**વાંધો રજૂ થતાં આર.બી.આઈ.ની ગાઈડલાઈન મુજબ ચૂંટણી અધિકારીએ ઉમેદવારી ફોર્મ રદ કર્યા**

બાયડ,તા.૪

સાબરકાંઠા મધ્યસ્થ બેક્નની ચૂંટણી જાહેર થયા પછી સહકારી રાજકારણ ગરમાયું છે ત્યારે ચૂંટણી અધિકારીએ સોમવારે ઉમેદવારીપત્રોની ચકાસણી દરમ્યાન રજૂ થયેલા વાંધા અરજીથી બેક્નીંગ રેગ્યુલેશન એક્ટ-૧૯૪૯ની કલમ-૧૦(એ)૨(એ)(૧)ની જોગવાઈઓનો બાદ આવતો હોવાથી તેમની મુખ્ય રજૂઆતો જોતાં વર્ષ-૨૦૨૩-૨૪થી ૫ વર્ષના સમયગાળા માટે સહકારી કાયદો, સહકારી નિયમો, સાબરકાંઠા બેક્નના માન્ય પેટાનિયમો, ચૂંટણી નિયમો તથા બેક્નીંગ રેગ્યુલેશન એક્ટ-૧૯૪૯ની જોગવાઈઓ તથા રીઝર્વ બેક્ન ઓફ ઈન્ડીયાએ અમલી બનાવેલ પરીપત્રની જોગવાઈ અનુસાર બેક્ન વર્તમાન ચેરમેન સહિત ૧૦ ડિરેક્ટરોના ફોર્મ અમાન્ય કરતાં ખળભળાટ મચી ગયો છે. ૮ વર્ષથી ચેરમેન પદે કે ડિરેક્ટર પદે ચૂંટાતા હોય તેમને ગાઈડલાઈન પ્રમાણે ચૂંટણી લડવા મળી શકતી નથી તેવી રજૂઆતને માન્ય રાખવામાં આવી છે. ચૂંટણી અધિકારીના નિર્ણયથી નારાજ ડિરેક્ટરોએ તાબડતોબ હાઈકોર્ટનાં દ્વાર ખટખટાવ્યાનું જાણવા મળ્યું છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા મધ્યસ્થ બેક્નના સત્તાધિશોની મુદત પૂરી થતાં ચૂંટણી અધિકારી દ્વારા ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. વિવિધ વિભાગમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો ત્યારે કેટલાક ઉમેદવારો દ્વારા વર્તમાન ચેરમેન અને ડિરેક્ટરો સતત ૧૦ વર્ષથી સત્તામાં છે અને આર.બી.આઈ.ની ગાઈડલાઈન પ્રમાણે સતત ૮ વર્ષ સુધી સહકારી સંસ્થામાં પદાધિકારી તરીકેનો હોદો ન ભોગવી શકે જેથી તેમની ઉમેદવારી રદ કરવા માટે લેખિત વાંધો આપ્યો હતો. ત્યારથી જિલ્લામાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી. તા. ૩ જુલાઈ સોમવારે માન્ય ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ થઈ ત્યારે વર્તમાન ચેરમેન સહિત તેમના સાથીદાર ૧૦ ડિરેક્ટરોના ઉમેદવારીપત્રો અમાન્ય ઠરતાં ખળભળાટ મચી ગયો છે અને કેટલાક વર્તમાન ડિરેક્ટરોએ ચૂંટણી અધિકારી જયંત કિશોર (આઈ.એ.એસ.)ના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.



**કોને વાંધો લીધો**

બેક્નના વર્તમાન ચેરમેન સહિત ૧૦ ડિરેક્ટરોના ફોર્મ રદ કરવા માટે ઉમેદવાર રવિ હસમુખભાઈ પટેલ, વિનોદકુમાર કેશવલાલ શાહ, ભરતભાઈ ધુળાભાઈ પટેલ, ભીખાભાઈ ડુંગરભાઈ પટેલ, ભીખાજી દુધાજી ડામોર, અશ્વિનભાઈ જેઠાભાઈ પટેલ તથા રતિલાલ શિવજીભાઈ પટેલનાઓએ તા.૩૦ જુનના રોજ વાંધો રજૂ કર્યો હતો જે વાંધો ચૂંટણી અધિકારીએ ગ્રાહ્ય રાખી ૧૦ ઉમેદવારીપત્ર અમાન્ય ઠેરવ્યાં છે.

**વર્તમાન ચેરમેન સહિત ૨ પૂર્વ ધારાસભ્યના ઉમેદવારીપત્ર અમાન્ય**

સાબરડેરીની જેમ સાબરકાંઠા બેક્નમાં પણ એકના એક સહકારી આગેવાનોનું વર્ષોથી પ્રભુત્વ રહેલું છે ત્યારે સાબરકાંઠા મધ્યસ્થ બેક્નની ચૂંટણી જાહેર થયા પછી મહેશભાઈ અમીચંદભાઈ પટેલ અને તેમની પેનલ વિજયી બનશે તેવું જગજાહેર હતું પરંતુ ચૂંટણી અધિકારીએ વાંધાને માન્ય રાખી વર્તમાન ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલ સહિત પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જશુભાઈ પટેલ અને અન્ય વર્તમાન ડિરેક્ટરોના ઉમેદવારીપત્ર અમાન્ય કરતાં જિલ્લાના સહકારી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.

**કોના ઉમેદવારીપત્રો અમાન્ય**

મહેશભાઈ અમીચંદભાઈ પટેલ,  
ચેરમેન રાજેન્દ્રસિંહ ડી. ભાટી, વાઈસ ચેરમેન  
પંકજભાઈ એન. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર  
રાજેન્દ્રસિંહ ચાવડા  
નરેન્દ્રભાઈ ટી. ઉપાધ્યાય  
જશુભાઈ એસ. પટેલ  
જગદીશભાઈ એસ. પટેલ  
શાંમળભાઈ એસ. પટેલ  
ઉમેશભાઈ સી.અમીન  
મુકેશભાઈ રેવાભાઈ પટેલ

**ખેતી બેક્નના પૂર્વ ચેરમેનનું ફોર્મ માન્ય રહ્યું, ક્રોપ્ટ થવાનું નસીબ**

રાજ્ય ખેતી બેક્નના પૂર્વ ચેરમેન કનુભાઈ પટેલનું ઉમેદવારીપત્ર માન્ય રહ્યું છે. તેમને સાબરકાંઠા બેક્નમાં ક્રોપ્ટ કરવામાં આવ્યા હતા જેના કારણે આર.બી.આઈ.ની ગાઈડલાઈન અનુસાર તેમનું ફોર્મ અમાન્ય થઈ શકે તેમ ન હોવાનું પણ માહિતગાર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

**બાયડના પૂર્વ ધારાસભ્યનો પુત્ર બિનહરીફ**

બાયડના પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલનું ઉમેદવારીપત્ર ભલે રદ થયું હોય પરંતુ વિભાગ-અ-૯માં તેમનો પુત્ર નિશ્ચલ જશુભાઈ પટેલ એકમાત્ર ઉમેદવાર હોવાથી અનઔપચારીક બિનહરીફ ડિરેક્ટર તરીકે ચૂંટાઈ આવ્યા છે.

**અ-૧૩ વિભાગમાં મહિલા ઉમેદવાર બિનહરીફ**

સાબરકાંઠા મધ્યસ્થ બેક્નની ચૂંટણીમાં વર્તમાન ડિરેક્ટર જગદીશભાઈ શામજીભાઈ પટેલનું ઉમેદવારીપત્ર આર.બી.આઈ.ના નવા નિયમોઅનુસાર અમાન્ય ઠર્યું છે પરંતુ તેમનાં પત્નિ શીતલબેન જગદીશભાઈ પટેલ અ-૧૩ વિભાગમાં એકમાત્ર ઉમેદવાર અને ઉમેદવારીપત્ર હોવાથી તેઓ પણ અનૌપચારીક રીતે બિનહરીફ ચૂંટાયા છે.

**અષાઢી તોલાઈ...**

# ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ટોરડા સ્વામિનારાયણ મંદિરમાં અષાઢી તોલાઈ

**અષાઢીનો તોલ સાંભળવા માટે ખેડૂતો તત્પર હતા : ઘઉં, મકાઈ , કપાસ સહિત અન્ય પાકોનું મબલખ ઉત્પાદન થશે : એકંદરે પાછોતરો વરસાદ સારો થશે : ખેત ઉત્પાદન વધશે : ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી**







ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ટોરડા પરમ પુજ્ય સદગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામીની પવિત્ર પાવન જન્મ ભુમિ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડાધામને આંગણે શ્રી ગોપાળ લાલજી હરિકૃષ્ણ મહારાજ , પરમ પુજ્ય સદગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામીના સાંનિધ્યમાં ટોરડા મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી , સર્વે મંડળ , ટોરડા સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો, નોકરીયાત વર્ગ તેમજ સંતો - મહંતો અને હરિ ભક્તોની હાજરીમાં વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ અષાઢી તોલાઈ હતી.અષાઢીનો વર્તારો સાંભળવા માટે ખેડૂતો અને પ્રજાજનો તત્પર રહેતા હોય છે.એકંદરે વર્ષ સારૂ રહેશે, પાછોતરો વરસાદ સારો રહેશે, મનુષ્ય અને પશુઓમાં રોગચાળો વકરવાની સંભાવના વ્યક્ત થઈ હતી.

ટોરડા ગામના હરિ ભક્ત અરૂણભાઈ ડી. રાવલના જણાવ્યા મુજબ ટોરડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મનહરભાઈ બી.પટેલ, ભોગીલાલ એલ.પટેલ, અશ્વિનકુમાર સી.સોની, નારાયણભાઈ પી.પટેલ, પ્રવિણભાઈ આર.નાયી સહીત સંતો - મહંતો , હરિ ભક્તોની ઉપસ્થિતીમાં શ્રધ્ધાભેર ઐતિહાસિક વર્ષો જુની પરંપરા મુજબ અષાઢી પુર્ણીમાની રાત્રે ૧૧ પ્રકાર ના ધાન્ય પાકો ને ૫ ૨ ૫ ગ્રામ સોનીના કાંટે તોલીને ભગવાનના પવિત્ર વસ્ત્રોમાં બાંધીને એક માટલીની અંદર મુકીને માટલી ને ઉપર થી માતાજીની સાડી થી મોઢું બાંધી દેવામાં આવે છે તે પછી તેને શ્રી સ્વામિનારાયણ ભગવાનની સમક્ષ મુકવાવામાં આવે છે.બીજા દિવસે સવારે અષાઢ વદ એકમના રોજ ફરીથી તે ધાન્યો નો તોલ કરવામાં આવે છે જે ધાન્યની વધઘટ થઈ હોય તેને બાજરીના કણ થી વધઘટ કરવામાં આવે છે.જે પાક વધારે પાકવાનો હોય તે પાક વધે છે અને જે પાક ઓછો પાકવાનો હોય તે પાક ઘટે છે.

અષાઢીના તોલ નો વર્તારો નીચે મુજબ છે.

ઘઉં :- બાજરીના ૧૩ કણ વધારે  
મકાઈ :- બાજરીના ૯ કણ વધારે  
ડાંગર :- બાજરીના ૯ કણ વધારે  
કપાસ :- બાજરીના ૬ કણ વધારે  
બાજરી :- બાજરીના ૬ કણ ઓછા  
ચણા :- બાજરીના ૭ કણ વધારે  
મગ :- બાજરીના ૪ કણ વધારે  
અડદ :- બરાબર  
રસકસ :- બાજરીના ૪ કણ ઓછા  
કાળી માટી :- બાજરીના ૨ કણ વધારે  
લાલ માટી :- બરાબર

ટોરડા સ્વામિનારાયણ મંદિર અષાઢીનો તોલ સાંભળવા માટે ખેડૂતો, નોકરીયાત વર્ગ, વેપારીઓ સહિત હરિ ભક્તો છેલ્લા કેટલાક સમયથી તત્પર હતા.અષાઢીનો તોલ સાંભળ્યા બાદ ખેડૂતો અને પશુ-પાલકોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

ટોરડા શ્રી સ્વામિનારાયણ મંદિર, મહંત સ્વામી શ્રી કૃષ્ણ પ્રસાદ દાસજી હરિ ભક્તોને ભકિતભાવ પુર્વક ભક્તિમય રસપાન કરાવી રહ્યા છે.ભજન કીર્તનની રમઝટ જામતી હોય છે.ભાવિક ભક્તો દુર - દુર થી ટોરડા સ્વામિનારાયણ મંદિરમાં પરમ પુજ્ય સંત શિરોમણી શ્રી ગોપાળાનંદ સ્વામી ની પવિત્ર પાવન જન્મ ભૂમિ ટોરડા ધામમાં દર્શનાર્થે આવતા હોય છે.

પરમ પુજ્ય સદગુરૂ સંત શિરોમણી શ્રી ગોપાળાનંદ સ્વામીએ અનેક હાજરા - હજુર ચમત્કારિક પર્ચાઓ પુર્યા હોવાની લોકવાયકા... શામળાજી થી કાળીયા ઠાકોરજી શામળીયા ભગવાન ટોરડા રમવા આવતા તે સમયગાળા દરમિયાન પગનું ઝાંઝર ખોવાઈ ગયું હતું.

સાળંગપુરમાં શ્રી ષ્ટભંજન દેવની મૂર્તિની સ્થાપના કરી હતી.કડવા લીમડાના પાન મીઠા કર્યા હતા.હરિ ભક્તોની બાધાઓ અને આસ્થાઓ પુરી થાય છે.

# પાલનપુરમાં કંથેરીયા હનુમાન મંદિરે ગુરુપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી




પાલનપુર તા.૪

આપણા સમાજમાં આપણા જીવનમાં ગુરુનું ખૂબ ઊંચેરુ સ્થાન છે. ત્યારે અષાઢ સુદ પૂનમ ના રોજ ગુરુપૂર્ણિમા નો ઉત્સવ ધામ ધૂમથી ઉજવાય છે. ત્યારે પાલનપુરના પૌરાણિક રામજી મંદિર વિજય હનુમાન મંદિર અને કંથેરીયા હનુમાન મંદિર સહિત મોટાભાગના મંદિરોમાં ગુરુપૂર્ણિમાના મહોત્સવ ઉજવાયો હતો. પાલનપુર કંથેરીયા હનુમાન મંદિરના મહંત પરમ પૂજ્ય શિવગીરીજી મહારાજ ને ભક્તજનોએ ગુરુ પૂજન કરી દાદાના દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. તે મુજબ મોટા રામજી મંદિરે મહંત પરમ પૂજ્ય રાઘવદાસજી મહારાજ તથા વિજય હનુમાન આશ્રમના મહંત પરમ પૂજ્ય રામેશ્વર ગીરીજી બાપુને તેમના શિષ્યોએ ગુરૂ પૂજન કરી ધન્ય બન્યા હતા.

## પાલનપુરની બનાસકાંઠા ડિસ્ટ્રીકટ કેળવણી મંડળ સંચાલિત કોલેજમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

પાલનપુર તા.૪

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે સોમવારે ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત કોલેજની વિદ્યાર્થીનીઓ ધ્વારા ગુરુ વંદના ગાન અને પ્રાર્થનાથી કરવામાં આવી. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ બી. ડબગરે ગુરુપૂર્ણિમા દિવસનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે , પ્રો. ડી.એસ ખીલારે, ડૉ. એસ.આઈ. ગટીયાલા, પ્રો. પી.વી.મોઢ, ડૉ. કે.વી.મહેતા, ડૉ. અમી પટેલ, ડૉ. પૂજા મેસુરાણી વગેરે અધ્યાપકોએ પણ કાર્યક્રમમાં હાજર રહી ગુરુપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. ગુરુપૂર્ણિમા ઉજવણી કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. વિદ્યાર્થીઓ સહિત ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કોલેજ વિદ્યાર્થીઓએ તમામ ગુરુ જનોને કંકુ-ચોખાનું તિલક કરી, ફૂલ અર્પણ કરી મીઠાઈ વહેંચી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન પ્રો. આર.ડી. વરસાતે કર્યું હતું.




તલોદ ની મહિયલ ખાતે આવેલ બહેરા મૂંગા શાળા માં પૂર્વ પ્રમુખ ભગવતસિંહ ઝાલા એ જન્મ દિવસ નિમિતે બાળકો ને ભોજન કરાવવામાં આવ્યું. તલોદ ની મહિયલ ખાતે આવેલ બહેરા મુંગા શાળા માં પોતાના જન્મ દિવસની ઉજવણી એક અનોખી રીતે ઉજવી. સતત પ્રજા માટે પ્રશ્નો ના નિરાકરણ માટે તત્પર રહેતા ભગવતસિંહ ઝાલા એ બાળકો ને ભોજન આપતા બાળકો ના મોઢા પર સ્મિત ખીલી ઉઠ્યું હતું અને શાળા સ્ટાફ દ્વારા અને બાળકો એ જન્મ દિવસની શુભકામનાઓ પાઠવી હતી.






લાયન્સ કલબ ઓફ તલોદ નાં ૨૦૨૩ - ૨૦૨૪ ના વર્ષ ના પ્રમૂખ તરીકે લા શ્રીમતી પૂનમ કે પ્રસાદ નો પદગ્રહણ સમારોહ સિનિયર સિટીઝન ક્લબ ના હોલ માં પાસ્ટ ડિસ્ત્રિકટ ગવર્નર લા નૂતન કે બીજ ની પ્રેરક ઉપસ્થિતી માં યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે પાસ્ટ પ્રમુખ હરેશ પટેલ સિનિયર સિટીઝન ક્લબ ના પ્રમુખ શાંતિલાલ પટેલ, નાગરિક બેંક ના ચેરમેન વિપુલ ગાંધી, આદર્શ સહકારી શરાફી મંડળી ના ચેરમેન મણીલાલ પટેલ નરેન્દ્ર ભાઈ શાહ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આ તબક્કે વીસ વર્ષ થી લાયન્સ કલબ ઓફ તલોદ માં સેવા આપનાર વિનોદ ભાઈ પટેલ કાયમી માટે અમેરિકા જનાર હોઈ લાયન્સ કલબ દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતુ

## તલોદની વિવેકાનંદ સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી



તલોદની વિવેકાનંદ સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી .જેમાં સ્કૂલના બાળકોએ તમામ શિક્ષકો સન્માન અને પૂજન કર્યું તેમજ બાળકોએ ગુરુપૂર્ણિમા વિશે પ્રાર્થના સભામાં ગુરુ વિશે વકતવ્ય આપ્યા હતા. શિક્ષકોએ પણ બાળકોને ગુરુપૂર્ણિમા વિશે તેમજ ગુરુ મહત્વ વિશે સમજાવ્યું હતું.

## અવસાન નોંધ



બાયડ ગામના હસમુખભાઈ ભાટીયા, વિનોદભાઈ ભાટીયાના નાના ભાઈ અને નિકુંજ(સોનું)ભાઈ ભાટીયા, દેવાંગભાઈ ભાટીયાના પિતા મનોજભાઈ કાન્તિભાઈ ભાટીયાનું દુઃખદ નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું સૂતક અને બેસણું તા.૭-૭-૨૦૨૩, શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૪-૦૦ તેમના નિવાસસ્થાન ભાટીયા શેરી, સ્વામિનારાયણ મંદિરના ઢાળ પાસે, બાયડ ગામમાં રાખેલ છે.